**અગ્રતા ક્રમ -: ૦૫**

**વિભાગ :- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૩૧૯**

**૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૧૯.૦૨.૨૦૨૪**

**પ્રશ્નનું શિર્ષક : મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔધોગિક ભરતીમેળા**

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર**

**: શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર)**

# અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | |
| પેટા પ્રશ્ન-૧ | મોરબી જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતી મેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની ખાલી જગ્યાઓ સામે રોજગારી પુરી પાડવામાં આવી ? | શ્રી જીતેન્દ્રભાઇ સોમાણી (વાંકાનેર) |
| પેટા પ્રશ્ન-૨ | મોરબી જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ભરતીમેળાઓમાં રોજગારીનું પ્રમાણ કેવું રહેલ છે? | શ્રી જીતેન્દ્રભાઇ સોમાણી (વાંકાનેર) |
| પેટા પ્રશ્ન-૩ | રોજગાર ભરતીમેળાના આયોજનની જાણ કેવી રીતે કરવામાં આવે છે? | શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) |
| પેટા પ્રશ્ન-૪ | લશ્કરી ભરતીમેળાના આયોજનમાં રોજગાર કચેરીની શું કામગીરી હોય છે? | શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) |
| પેટા પ્રશ્ન-૫ | રોજગાર કચેરી દ્વારા આપવામાં આવતી નિવાસી તાલીમ માટે ઉમેદવારોની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે? | શ્રી દુર્લભજીભાઇ દેથરીયા (ટંકારા) |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન                                                                 ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1319

વિષય:

મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 15/01/2024 | તારીખ 13/02/2024 | 30/01/2024 |

*15/4/1319   શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ભરતીમેળામાં કુલ કેટલા બેરોજગારોને રોજગારી મળી?

----

CS Scanned with CamScanner

મેઇન પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

**મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા**

*15/4/1319 **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી(જીતુ સોમાણી)** (વાંકાનેર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨3 ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને | (૧) | 33 |
| (૨) | ઉક્ત ભરતીમેળામાં કુલ કેટલા બેરોજગારોને રોજગારી મળી? | (૨) | ૨૪૭૩ |

ઓનલાઈન જવાબ મોકલવાની તારીખ:૧૩/૦૨/૨૦૨૪

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.– ૩૮/આર–(૨)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૦૬/૦૨/૨૦૨૪

રોજગાર અને તાલીમ
તારીખ:- ૮/૨/૨૪
શાખા
આવક નંબર:- 83154 | Skm

૬૬
૮/૨/૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ15/4/1319 અન્વયે વધારાની ત્રણ નકલો સહીત.

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાનાઃ–

૧. માન.મંત્રીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન.રા.ક.મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર
૩. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુ.રા. ૧/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ... તા.૦૨/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:રોતાનિ/રકીમે–૮/વિસપ/૩૩૨/૨૦૨૪ અન્વયે જાણ સારુ.
૪. સેકશન અધિકારીશ્રી, સંકલન શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. શાખા સિલેક્ટ ફાઈલ

CS Scanned with CamScanner

મેઇન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ :

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન રાજયમાં રોજગાર કચેરી દવારા કરવામાં આવતી કામગીરી અંગેનો છે.
- નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત્ત છે.
- રોજગારવાંછું ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ ઉપલબ્ધ છે.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે.
- રોજગારવાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતાઓને અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સરકારશ્રી દ્વારા નામ-નોંધણી, ખાલી જગ્યા પોસ્ટ કરવા, લાયક ઉમેદવારો શોધવા તેમજ રાજ્યભરની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન અરજી કરવા માટે ડીજીટલ માધ્યમ પૂરૂ પાડેલ છે. નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓ ઓનલાઈન પધ્ધતિથી ભરતીમેળાની માહિતી મેળવી શકે છે અને ભાગ લઈ શકે છે.
- આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમીનાર/વેબીનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂ અભ્યાસલક્ષી/ રોજગારલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.
- છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૧૫,૨૧,૯૪૧ ઉમેદવારોને રોજગારી પૂરી પાડેલ. જેમાં મોરબી જિલ્લામાં ૧૫,૪૪૯ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં  આવેલ જે પૈકી ૧૮૦ ભરતીમેળાના આયોજન થકી ૮,૭૭૮ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.
- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં ૩૪૨૭ રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે જેમાં છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં ૨૯૯૬ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ જે પૈકી ૩૩ ભરતીમેળાના આયોજન થકી ૨૪૭૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ.
- રાજ્ય સરકારનાં વિભાગોમાં કર્મચારી ગણની સમયબધ્ધ ભરતી માટે સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરેલું છે અને તે મુજબ વિભાગોની જરૂરીયાત અનુસાર ભરતી પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવે છે. તદઅનુસાર, ૨૦૧૪ થી ૨૦૨૩ દરમિયાન કુલ ૧,૫૬,૪૧૭ જગ્યાઓ ભરવાનાં આયોજન સામે મે-૨૦૨૩ ની સ્થિતિએ ૧,૬૭,૨૫૫ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવી છે.

**મેઇન પેજ પર જાઓ**

## પૂરક નોંધ

- ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવા માટે રોજગાર કચેરીઓ દ્વારા ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ નોકરીદાતા દ્વારા નોંધાવવામાં આવતી ખાલી જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે. જ્યારે સરકારી નોકરી માટે નિયત થયેલ ભરતી નિયમો હેઠળની વર્ગ-૧ થી ૩ ની જગ્યાઓની ભરતી સરકારશ્રીના જુદા-જુદા ભરતી માટેના બોર્ડ કે આયોગ દ્વારા અલગથી કરવામાં આવે છે, જેનો સમાવેશ રોજગાર કચેરીના આંકડામાં થતો નથી.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔધોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે. આ ભરતીમેળામાં નોકરીદાતાઓને તથા રોજગારવાંચ્છુઓને યોગ્ય બેઠક વ્યવસ્થા, પીવાના પાણી સહીત રીફ્રેશમેન્ટની સુવિધા પુરી પાડવામાં આવે છે, ઉપરાંત ઈન્ટરવ્યુના સ્થળે પહોંચવા માટે રોજગારવાંચ્છુઓને એસ.ટી.કુપનની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે.
- ભારત સરકારના આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા ઓક્ટોબર-૨૦૨૩ માં પ્રસિધ્ધ થયેલ વાર્ષિક અહેવાલ અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૩.૨ ટકા છે જ્યારે ગુજરાતમાં માત્ર ૧.૭ ટકા જ છે.
- રાજ્યની રોજગાર કચેરીના માધ્યમથી છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૮૫,૩૯૦ રોજગારી પુરી પાડેલ છે જે પૈકી મોટાભાગની રોજગારી મેન્યુફેક્ચરીંગ (ઉત્પાદન ક્ષેત્ર), ટેક્ષટાઇલ, કોમ્પ્યુટરક્ષેત્ર તેમજ બેંક અને વીમાને લગતી સેવાઓમાં પુરી પાડવામાં આવેલ છે.
- એપ્રેન્ટિસશીપ તાલીમ માટે ખાલી જગ્યા નોંધાવતા નોકરીદાતાઓને જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે તેમજ આવશ્યકતા અનુસાર ભરતીમેળા અને અનુબંધમ પોર્ટલ મારફતે પણ ઉમેદવારોની વિગતો રોજગાર કચેરીઓ દ્વારા પુરી પાડવામાં આવે છે.
- રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોને સંરક્ષણક્ષેત્રે યોજાતી (ભુમિદળ, હવાઈદળ, નૌકાદળ, BSF, પેરામિલિટરી દળો...વગેરે) ભરતીપ્રક્રિયાની માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત સેના ભરતી કાર્યાલયો દ્વારા આયોજીત લશ્કરી ભરતીમેળાના આયોજનમાં સહયોગ કરવામાં આવે છે. ગુજરાતના વધુ ઉમેદવારો સંખ્યામાં જોડાય તે માટે તમામ જીલ્લાઓમાં ૩૦ દિવસની શારિરીક તેમજ લેખિત કસોટીની તૈયારી માટે નિવાસી તાલીમ

આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના યુવાનો માટે પણ અલગથી ખાસ વર્ગ યોજવામાં આવે છે.

- ગુજરાત રાજ્યના રોજગારવાંચ્છુઓ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે અનુબંધમ વેબપોર્ટલ શરૂ કરવામાં આવેલ. જેમાં ઉમેદવારો પોતાના ઘરે બેઠા નામ-નોંધણી કરી શકે છે, નોકરીદાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન પોસ્ટ કરી શકે છે. આ ઉપરાંત નોકરીદાતા દ્વારા ઓનલાઈન ઈન્ટરવ્યુ રીકવેસ્ટ, ઉમેદવારોની વિગતો શોધવી જેવી સુવિધાઓનો લાભ લઈ શકે છે તેમજ રાજ્યમાં યોજાતા રોજગાર ભરતીમેળાઓમાં ભાગ લઈ શકે છે. આ વેબપોર્ટલની મદદથી નોકરીદાતા તેમજ રોજગારવાંચ્છુ ઉમેદવાર રાજ્યના કોઈપણ જીલ્લામાં યોજાતા ભરતીમેળામાં ભાગ લઈ શકે છે તેમજ નોંધાયેલ ખાલી જગ્યા સામે ઓનલાઈન અરજી કરી શકે છે. આમ, ઉમેદવારને નોંધણીના જીલ્લા કાર્યક્ષેત્ર બહારની ખાલી જગ્યાઓ પણ અરજી માટે ઉપલબ્ધ થાય છે અને નોકરીદાતાને લાયક માનવબળ મળી રહે છે.

## રોજગાર ભરતીમેળા

- ઉધોગોની જરુરિયાત મુજબ કૌશલ્યલક્ષી માનવબળ અને યુવાનોને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી રોજગાર કચેરીઓ દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે.
- ખાનગીક્ષેત્રના એકમો પાસેથી ખાલી પડતી જગ્યાઓની માહિતી મેળવીને ઉમેદવારોને અને નોકરીદાતાઓને એક મંચ ઉપર એકત્રિત કરવામાં આવે છે.
- રાજ્યની રોજગાર કચેરીઓ તાલુકા/જી.આઈ.ડી.સી. કક્ષાએ, જીલ્લા કક્ષાએ તથા ક્લસ્ટર કક્ષાએ ભરતીમેળાનું આયોજન કરે છે. પ્રચારના વિવિધ માધ્યમો દ્વારા ભરતીમેળાની પ્રસિદ્ધિ કરવામાં આવે છે તથા ઔધોગિક વસાહતો, શાળા/કોલેજના કેમ્પસ, આઇ.ટી.આઇ. કેમ્પસ ખાતે સુચારુ આયોજન કરવામાં આવે છે.

- ## ભરતી મેળાનું આયોજન:

  - રાજ્યના રોજગારવાચ્છું ઉમેદવારો ભરતી મેળાનો લાભ લઇ, ચોક્કસ સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે ભરતી મેળાનું નક્કર આયોજન હાથ ધરવામાં આવે છે. આ માટે મુખ્યત્વે બે પ્રકારે મોબીલાઈઝેશન( બહોળી પ્રસિધ્ધિ) કરવામાં આવે છે (૧) રોજગારવાચ્છું ઉમેદવારોનું મોબીલાઈઝેશન તથા (૨) નોકરીદાતાઓનું મોબીલાઈઝેશન.
  - ભરતીમેળામાં જે ઔદ્યોગિક એકમોમાં ખાલી જ્ગ્યાઓ હોય તે એકમોમાં સર્વે કરાવી રોજગાર કચેરીઓ નોકરીદાતાના સતત સંપર્કમાં રહી ખાલી જગ્યાઓ મેળવે છે. ત્યારબાદ નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓને અનુકૂળ પડે તેવા સ્થળ નક્કી કરી ભરતીમેળા માટે બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
  - ભરતીમેળાના દિવસે સ્થળ ઉપર નોકરીદાતા તથા ઉમેદવારો માટે યોગ્ય બેઠક વ્યવસ્થા, પીવાના પાણી, સેનીટેશન તથા રીફ્રેશમેન્ટની સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. નોકરીદાતાઓને ઈન્ટરવ્યુ માટે રૂમ/અલગ વ્યવસ્થા આપવામાં આવે છે.
  - વર્ષ-૨૦૨૩માં રાજ્યની રોજગાર કચેરીઓના સઘન પ્રયત્નોના કારણે કુલ ૧૩૨૫ ઔધોગિક ભરતીમેળાઓના આયોજન થકી ૧,૪૩,૩૨૧ ઉમેદવારો પસંદગી પામેલ છે.

- ## ઓનલાઈન ભરતી મેળા:

  - કોવિડ-૧૯ના સંક્રમણની પરીસ્થિતિમાં નોકરીદાતાઓ ભરતીમેળાના સ્થળે એક સાથે મોટા પ્રમાણમાં ઉમેદવારોના સંપર્કમાં આવવા ઇચ્છતા ન હોય, તેમજ ઉમેદવારોને ભરતીમેળામાં હાજર રહેવા મુસાફરી ન કરવી પડે તથા રૂબરૂ સંપર્ક વગર રોજગારીની તકો મળી રહે તે હેતુથી ડીજીટલ માધ્યમથી રોજગારી પૂરી પાડવા ઓનલાઇન (વર્ચ્યુઅલ) ભરતીમેળાનો નવતર અભિગમ રોજગાર કચેરીઓએ કરેલ, જેના થકી રોજગારવાંચ્છુ યુવાનોને પાત્રતા મુજબ રોજગારી તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ પૂરું પાડવા માટેના પ્રયાસ કરવામાં આવેલ છે.

# છેલ્લા પાંચ વર્ષમાં મોરબી જીલ્લામાં રોજગારી

| વર્ષ | રોજગાર કચેરી મારફતે કુલ રોજગારી (પ્લેસમેન્ટ) | કુલ રોજગારી પૈકી ભરતીમેળામાં રોજગારી |
|---|---|---|
| ૨૦૧૯ | ૩૪૬૨ | ૨૦૪૫ |
| ૨૦૨૦ | ૨૭૪૬ | ૧૩૪૯ |
| ૨૦૨૧ | ૨૭૦૯ | ૧૪૦૮ |
| ૨૦૨૨ | ૨૮૭૫ | ૧૬૦૪ |
| ૨૦૨૩ | ૨૯૮૪ | ૨૪૭૩ |
| **છેલ્લા પાંચ વર્ષનું વર્ષ:૨૦૧૯ થી ૨૦૨૩** | **૧૪૭૭૬** | **૮૮૭૯** |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૦૫<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૯ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી જીતેન્દ્રભાઇ સોમાણી (વાંકાનેર)** | |
| **પેટા પ્રશ્ન ૧** | મોરબી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતી મેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની ખાલી જગ્યાઓ સામે રોજગારી પુરી પાડવામાં આવી ? |
| **જવાબ** | મોરબી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતીમેળામાં મુખ્યત્વે...<br>• સિરામીક ક્ષેત્રના ઉધોગમાં હેલ્પર, ઓપરેટર, ટેકનિશિયન, સુપરવાઈઝર, માર્કેટિંગ એકઝ્યુકિટીવ જેવી જગ્યાઓ માટે રોજગારી આપવામાં આવેલ છે.<br>• સ્પિનિંગ (દોરા બનાવવાની ફેકટરીઓ)માં ટેકનિશિયન, હિસાબનીશ, ઓપરેટર જેવી જગ્યાઓ માટે રોજગારી આપવામાં આવેલ છે.<br>• આ ઉપરાંત, મોરબીમાં કાર્યરત ઘડિયાળ ક્ષેત્રના ઉધોગો, ઓટોમોબાઇલ શો-રૂમ તથા સર્વિસ સેકટરના નોકરીદાતાઓ દ્વારા ટેલિકોલર એકઝ્યુકીટિવ, મિકેનીક, સિક્યુરીટી ગાર્ડ, ફિલ્ડ ઓફિસર, કોમ્પ્યુટર ઓપરેટર, રીલેશનશીપ મેનેજર વગેરે જેવી જગ્યાઓ માટે રોજગારી આપવામાં આવેલ છે. |

**મેઇન પેજ પર જાઓ**

| અગ્રતા ક્રમ : ૦૫<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૯ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી જીતેન્દ્રભાઇ સોમાણી (વાંકાનેર) | |
| પેટા પ્રશ્ન ૨ | મોરબી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ભરતીમેળાઓમાં રોજગારીનું પ્રમાણ કેવું રહેલ છે? |
| જવાબ | • મોરબી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ભરતીમેળાઓમાં અપાયેલ રોજગારીના પ્રમાણમાં વધારો થયેલ છે.<br>• વર્ષ ૨૦૨૧ માં ભરતીમેળાઓ મારફતે ૧૪૦૮ રોજગારી અપાયેલ, જે વર્ષ ૨૦૨૨ માં વધીને ૧૬૦૪ થયેલ. વર્ષ ૨૦૨૩માં મોરબી જીલ્લામાં રોજગાર ભરતીમેળા મારફતે અપાયેલ રોજગારીમાં વધારો થઈને ૨૪૭૩ થયેલ છે.<br>• આમ, છેલ્લા ૦૨ વર્ષમાં મોરબી જીલ્લામાં યોજાયેલ ભરતીમેળાઓમાં અપાયેલ રોજગારીનું પ્રમાણ ૭૫% વધવા પામેલ છે. |

મેઇન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૦૫**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૯**

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૩** | રોજગાર ભરતીમેળાના આયોજનની જાણ કેવી રીતે કરવામાં આવે છે? |
| **જવાબ** | • રાજ્યના યુવાનોને રોજગારી મળી રહે તે હેતુથી ઉમેદવારો અને ખાનગી નોકરીદાતાઓને એક પ્લેટફોર્મ પર એકત્રિત કરીને ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે.<br>• રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નોંધાયેલ ઉમેદવારોને કોલલેટરથી મેસેજ કરીને સોશિયલ મીડિયા થકી, અનુબંધમ પોર્ટલ દ્વારા ભરતીમેળાની જાણ કરવામાં આવે છે.<br>• જ્યારે રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ન હોય તેવા ઉમેદવારોને જાણ હેતુ જાહેર સ્થળો પર હોર્ડિંગ્સ અને બેનર લગાવી તેમજ માહિતી કચેરીના માધ્યમથી અગ્રગણ્ય સ્થાનિક અખબારોમાં બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૦૫**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૯**

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૪** | લશ્કરી ભરતીમેળાના આયોજનમાં રોજગાર કચેરીની શું કામગીરી હોય છે? |
| **જવાબ** | • ભારતીય સેનાના જુદા-જુદા ભરતી કાર્યાલયો દ્વારા લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે.<br>• આ આયોજન માટે જે જીલ્લામાં લશ્કરી ભરતીમેળો યોજેલ હોય ત્યાંના જીલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં સેનાની ભરતી માટેના અધિકારીશ્રીઓ, જીલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ સહિત જિલ્લા રોજગાર અધિકારીની હાજરીમાં ભરતીપ્રક્રિયા માટે સેના ભરતી કાર્યાલયને જરૂરી માળખાકીય સેવાઓ (પ્રચાર-પ્રસાર, મેડિકલ ટીમ, ભરતી સ્થળ, ફરાસખાના-લાઈટીંગ, ઉમેદવારોની પીવાના પાણી, સફાઇ અંગેની વ્યવસ્થા) પુરી પાડવાનું આયોજન નક્કી થાય છે.<br>• જીલ્લાની રોજગાર કચેરીની સેના ભરતી કાર્યાલયના અધિકારીશ્રીઓ અને જીલ્લા વહીવટીતંત્ર વચ્ચે કડીરૂપ ભુમિકા હોય છે. વધુમાં, આ ભરતીમેળામાં મોટી સંખ્યામાં રોજગારવાંચ્છુઓ જોડાય અને પસંદગી પામે તે માટે રોજગાર કચેરી દ્વારા જુદા-જુદા માધ્યમોમાં તેની પ્રસિધ્ધિ કરી લાયક ઉમેદવારો ઓનલાઈન અરજી કરે તે માટે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.<br>• સેના ભરતી માટેના નિયમો મુજબ ગુજરાતના વધુ યુવાનો તેમાં જોડાય તે માટે શારીરિક પરીક્ષા અને લેખિત પરીક્ષાની ૩૦ દિવસની સઘન નિવાસી તાલીમ આપવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૦૫<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૩૧૯ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી દુર્લભજીભાઇ દેથરીયા (ટંકારા)** | |
| **પેટા પ્રશ્ન ૫** | રોજગાર કચેરી દ્વારા આપવામાં આવતી નિવાસી તાલીમ માટે ઉમેદવારોની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે? |
| **જવાબ** | • રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા નિવાસી તાલીમ યોજવા માટે પ્રેસનોટ, સોશિયલ મિડીયા, જાહેર સ્થળો પર બેનરો જેવા વિવિધ માધ્યમો મારફતે વ્યાપક જાહેરાત કરી ઉમેદવારોની અરજીઓ મેળવવામાં આવે છે.<br>• આવેલ અરજીઓના આધારે ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, ઉંમર જેવી બાબતોને અનુલક્ષીને ચકાસણી કરી ઉમેદવારોના વજન, ઉંચાઈ અને છાતી જેવા શારીરિક માપદંડો મુજબ ચકાસણી કરવામાં આવે છે.<br>• આ તમામ માપદંડો સંતોષતા ઉમેદવારોની યાદી તૈયાર કરી તેમાંથી નિવાસી તાલીમ માટેના ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે. |

**મેઇન પેજ પર જાઓ**